---

**વાગરાના મે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ. વાગરા**

---

**<u>ફોજદારી કેસ નંબર–૩૩૪૬/૨૦૨૨</u>**
**આંક:–૧૩**

ફરીયાદી:– શ્રી સરકાર.......

–:: વિરૂધ્ધ::–

આરોપી:– ઉત્તમ સુશાંતા મંડલ
રહે– લખી ગામ, તા.વાગરા જી–ભરૂચ
મૂળ રહે–ગામ હુડા દિગબંરપુર થાના–ક્રિષ્નગંજ જી. નદીયા
(વેસ્ટ.બંગાલ)

**<u>ગુનો:–ઇ.પી.કો. કોડની કલમ– ૩૩૬, મેડીકલ પ્રેકટીશનર એકટ ની કલમ–૩૦, ૩૩ મુજબ</u>**

// ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી જે. જી. વસાવા//
// આરોપી તરફે વિ. વ. શ્રી આર. જી. વાળંદ //

**<u>–:: ઠરાવ::–</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગત છે કે, આ કામના આરોપીએ કોઇપણ જાતના મેડીકલ ડિગ્રી સર્ટીફિકેટ વગર ડોકટર તરીકેનુ રૂપ ધારણ કરી અને બીમાર લોકોને તપાસી એલોપેથીક દવા તથા ઇન્જેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થય સાથે બેદરકારી ભર્યુ કૃત્ય કરી તેઓની સમે ઇ.પી.કો. કોડ ની કલમ–૩૩૬, મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦, ૩૩ મુજબના શિક્ષા પાત્ર ગુના કરેલ હોવાની ચાર્જશીટ અત્રેની કોર્ટમા રજુ કરેલ છે.

૨. આરોપી અત્રેની અદાલતમા હાજર થતા તેને ધોરણસર વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ છે. આરોપીની આંક– ૪ થી ૫ની રેકર્ડ કરતા અને આરોપીને તેણે કરેલ ગુના સબબ પુછતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.

૩.  આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ આંકઆમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની –૧૨ થી રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમા જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે. હવે પછી ફરીથી આવો ગુનો નહિ કરવાની ખાત્રી આપે છે તેમજ તેઓને ઓછોમા ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોઇ, આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકિકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહુ ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને રાખી સદરહુ ગુનાના આરોપીને તકસરીરવાન ઠરાવી ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

<u>**–:હુકમ:–**</u>

૧.  આ કામના આરોપી ઉત્તમ સુશાંતા મંડલ રહે– લખી ગામ  તા.વાગરા જી–ભરૂચના ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે તેની સામેના ઈ. પી. કો. કોડની કલમ–૩૩૬ તથા મેડિકલ પ્રેકટીશનર એક્ટની કજલમ–૩૦, ૩૩ મુજબના ગુનામા તકસીરવાન  ઠરાવવામા આવે છે.

૨.  આરોપીને ઇ.પી.કો. કોડની કલમ–૩૩૬ મુજબના ગુન્હા અન્વયે રૂ.૨૫૦/–(અંકે રૂપિયા બસો પચાસ પુરા)નો દંડ અને આરોપીને ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦ તથા ૩૩ મુજબના શિક્ષા પાત્ર ગુના અન્વયે રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ, અને દંડ ન ભરે તો વધુ દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે. આ કામના આરોપી પાસેથી કુલ રૂપિયા ૭૫૦/–(અંકે રૂપયા સાતસો પચાસ પુરા) દંડની  રકમ વસુલ લેવી.

૩.  આ કામે કબજે કરવામા આવેલ મુદામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

**આ ચુકાદો આજ  તારીખ–૧૧  માહે –ઓગસ્ટ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ–૧૧/૦૮/૨૦૨૩
સ્થળ–વાગરા

**(આર.સી.સોઢાપરમાર)**
એડી.ચીફ. જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
વાગરા
**U.I.Code.G.J.01158**